ગોરી-ગુપ્તિ

ઉરફે

ગેબી ફરેબ.

त्रिभिर्वर्षैः त्रिभिर्मासैः त्रिभिः पक्षैः
त्रिभिर्दिनैः ।
अत्युत्कट पुण्यपापानामि हैवफलमश्नुते॥

આવૃત્તિ ૧ લી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી સનાતન નાટક સમાજ.

સુરત દેશી મિત્ર એન્જીન પ્રીન્ટીંગ પ્રેસમાં
મગનલાલ ભીકાભાઈએ છાપી

સંવત ૧૯૬૬ ઈ. સ. ૧૯૧૦

કીંમત રૂ ૦-૨-૦

ગેબી-ગુમ્ફિત

ઉર્ફ

(ગેબી-ફરેબ)

પુરૂષ પાત્રો.

દિગ્વિજય.....................મગધ દેશનો રાજા.
કુમારપાળ.....................કંચનપુર દેશનો રાજા.
સુરપાળ.....................કુમારપાળનો નાનો ભાઈ.
સામંત.....................સુરપાળનો મિત્ર.
વિરસિંહ.....................અમરસિંહનો પુત્ર, કુમારપાળનો સાળો.
[illegible].....................[illegible] બારોટ, વિરસિંહના મિત્ર તારાનો યાર.
સુરો.....................વિરસિંહનો પુત્ર.
મદન.....................બારોટનો પુત્ર.
રણમલ.....................ગૌડ દેશનો રાજા.
અમરસિંહ.....................રણમલનો રાજ્ય ભક્ત વિશ્વાસુ હજુરી.

સ્ત્રી પાત્રો.

તારા.....................(નાટકની નાયિકા) કુમારપાળની સ્ત્રી.
સુ[illegible].....................સુરપાળની સ્ત્રી.
મંજરી.....................સુરાની વહુ.

પ્રધાન, પુજારી, ઝવેરી, હજુરી, સૈનિક, તારાના દાસીઓ વગેરે વગેરે.

ગોરી-ગુપ્તિ ઉર્ફે ગેબી ફરેબ.

પૂર્વ વૃત્તાંત.

ગૌડ દેશના રાજા રણમલની પાસે સમરસીંહ નામનો રાજ્ય ભક્ત ગરાશીઓ વિશ્વાસુ હજુરી અને અંગરક્ષક હતો તેનો પુત્ર વીરસીંહ જુવાનીના મદમાં છકી ગએલો અને અત્યંત રાજ લોભી હતો તેણે અને તેના મિત્ર ભૈરવજી બારોટે રાજાને ઠાર કરી ગાદી પચાવી પાડવાનો નીશ્ચય કર્યો. તેઓ યોગ્ય તક જોઈ તેના શયનગૃહમાં છુપી રાજાપર ઘા કરવા જતા હતા એટલામાં રાજા જાગ્રત થવાથી ગભરાઈ જઈ પોતે કરેલા અપરાધને માટે મુક્ત થવા તેનાઓએ તે કૃત્ય કરવા તેમના પીતાઓ તેમાં ભળેલા છે એમ જણાવ્યું રાજાએ અત્યંત ક્રોધીત થઈ તેના પીતાનું કાંઈ પણ સાંભળ્યા સિવાય તેને નોકરીથી બરતરફ કરી દેશનીકાલ કર્યો. વીરસીંહ અને ભૈરવજી બારોટ પણ પોતાનું કાવતરું ખુલ્લું થઈ જવાના ભયથી નાશી ગયા અને સાથે સમરસીંહની દીકરી કે જે બારોટ સાથે પ્રેમમાં હતી તેને પણ સાથે લેતા ગયા તેઓ પછી કંચનપુરના રાજા કુમારપાલની હદમાં આવી રહ્યા. કુમારપાળની દ્રષ્ટી કોઈ પ્રસંગે તારાપર પડતાં તેમાં મોહ પામી તેના નાનાભાઈની સલાહને ન ગણકારી તેને પરણ્યો. અને તારાનો ભાઈ પોતાના સાળા વીરસીંહને મગધ દેશના રાજા દીગવીજયની જમીન પચાવીને તે જાગીર તરીકે આપી. આ પરથી દીગવીજય અહીં આવ્યો અહીંથી નાટકની શરૂઆત છે.

અંક પહેલો.

પ્ર. ૧—દીગવીજયના લડવાનો નિશ્ચય-તેની પુત્રી સુમનાની, સુરપાળ ઉપર છુપો પ્રેમ હોઇને તે લડાઇ અટકાવવા કોશીશ છતાં દીગવીજયનું નીશ્ચયમા અચળ રહેવું.

પ્ર. ૨—વીરસીંહ તથા બેચરજી બારોટના ગમત-બેચરજી બારોટનું દારૂમાં મસ્ત થઈ પોતાના તારાને મળવા માટે જવું, દરમીઆન સુરપાળનુ આવવુ-વીરસીંહને સુરપાળનું દારૂ સંબંધી ગુણ અવગુણનુ વીવેચન, વીરસીંહનું જવુ, કુમારપાળનું આવવું, બે ભાઈ વચ્ચે વાતચીત.

પ્ર ૩—તારાનું સ્વરૂપાભીમાન, બેચરજી બારોટનું આવવું, બન્નેની ગંમત, કુમારપાળનુ આવવુ, બારોટના ફરેબ, કુમારપાળે યુધ્ધે જવા કહેવુ, તારાએ તેને મોહમાં ફસાવી રોકી પાડવુ, કુમારપાળનુ પકડાવુ. ટેબલો.

પ્ર ૪—સુરપાળના મિત્ર શામતનો બારોટ અને વીરસીંહ તરફ તીરસ્કાર, સુરપાળનુ આવવુ પછીથી તારા વીરસીંહ ને બારોટનું આવવું, સુરપાળે આસવાસન આપવું કુમાર પાળને છોડવવાની યુક્તિનો વિચાર, વીરસીંહનું સાથે જવું, સુરપાળને ફસાવવાની યોજના વિશે કાગળ લખી તારાએ વીરસીંહને છુપી રીતે મોકલાવવો, મદન સુડાની મજાક.

પ્ર. ૫—સુમના અને સખીઓનો વિનોદ સુરપાળનુ બનવા વેશે આવવું યુક્તિથી જાહેર થવું, વીરસીંહે આવી સુરપાળને પકડાવવો.

પ્ર. ૬—વીરસીંહની ખુશાલી, કુમારપાળનો પરીતાપ બંનેનું જવુ.

પ્ર. ૭—દીગવીજયની કચેરી-નાચ સુરપાળનું કેદી વેશમાં હાજર થવું સુમનાનું આવવું સુરપાળને મુક્ત કરવો હસ્ત મેળાપ આનંદ.

અંક પહેલો

પ્ર. ૧—સુમના અને સખીઓનો રાસડો તારા અને સુમના વચ્ચે સર્તાન સંબંધે સંવાદ, તારાએ ચીડાઇ જવું સુરપાળનું આવવું, ગર્ભાવસ્થાનો હાસ્યવિનોદ.

પ્ર. ૨—બારોટ અને તારા પછીથી વીરસીંહનુ આવવું તારાએ વીરસીંહને ઉશ્કેરી સુમનાનુ શીયળ ભંગ કરવા સ્ત્રી વેશે મોકલવો.

પ્ર. ૩—સુમના અને સખીઓ વચ્ચે પ્રેમ ગોષ્ટી સુરપાળનુ આવવું પાછળથી વીરસીહનુ આવવું ને ઓળખાઇ જવુ સુરપાળે તેને ધીટકારી કાઢવો સુરપાળ સુમનાનો વિનોદ, સામંતનુ આવવું, રગમાં ભગ.

પ્ર. ૪—વીરસીહનો થએલા અપમાનનો અફસોસ ને વેર લેવાનો નિશ્ચય, કામાતુર તારાનો પ્રવેશ વીરસીહને તારા વચ્ચે વાતચીત વીરસીહને સુરપાળનુ ખુન કરવાની યુકતી કરી કાઢવો કુમારપાળનુ આવવુ પછીથી બારોટનુ આવવુ, બારોટનો ફરેબ.

પ્ર. ૫—સોમેશ્વરના મંદીરમાં સુરપાળનુ વીરસીંહે ખુન કરવા ધસી આવવુ શામતે આવી મિત્રને બચાવવો કુમારપાળનુ આવવું વીરસીંહને પકડવા સીપાઇને મોકલવો બારોટે ફરેબથી ફેરવી નાખવુ અને સુરપાળ વીરસીંહનું ખુન કરવા આવ્યો હતો એમ ઠસાવવુ.

પ્ર. ૬—મંજરીનો બાળક વર માટે બળાપો સસરાનું આવવું ધણી ધણીઆણીની ગમત બંનેનું જવું તારાનું આવવું પાછળથી [illegible] અને વચ્ચે ગમત, સુરપાળે તે જોઇ જવું

ત્યાં કુમારપાળનું આવવું, તારાએ યુક્તિથી સુરપાળે પોતા ના તરફ કુદ્રષ્ટી કરી એમ કુમારપાળને સમજાવી દેવું, કુમારપાળે ક્રોધે ભરાઇ ભાઇને દેશનીકાલ કરવો, પાછળથી તારાએ સુમનાનું શીયળ ભંગ કરવા કુમારપાળને ઉશકેરવો.

પ્ર. ૭—સુમના બાળકને રમાડે છે દરમીયાન તારા આવે છે કરેબ થી દારૂનો શીસો અને કાગળ સુમનાના ઘરમા મુકી સુરપાળ ઉપર વહેમાય એવી પેરવી કરી ચાલી જાય છે સુરપાળ આવે છે કાગળ જોઇ વહેમમાં પડે છે. સુમનાને ધીક્કારી ચાલ્યો જાય છે. પાછળથી રાજાનુ વીરસીંહના આશરે સહીત શીયળ ભગ કરવા આવવુ રાજાએ [illegible] ન મારી નાખવાની ધમકી આપવી. છોકરાને મારતા [illegible] નાટના હાથ કપાઇ જતા સાનુ ભયભીત થઇ નાસી જવુ.

પ્ર. ૮—સદા, મદન અને મજરી ત્રાણની ગમત, સાનુ જવુ રાજાનુ સુમના સુમના જપતા પ્રવેશ કરવો તારાએ સુમના આણી આપવાનુ કહી તેને ખુશી કરવો પાછળથી સુમનાને નસાડી મુકવાની તજવીજ કરવા જવુ.

પ્ર. ૯—સુમનાનો સતાપ તારાનુ આવવુ આશવાસન આપી તેને બીજે ગામ જવા સમજાવવુ સુમનાનું જવુ શામતનુ આવવુ તેને પકડાવવા રાજા પાસે તારાએ જવુ સુમનાને હેરાન કરવા વીરસીંહને પાછળ મોકલવો.

અંક ત્રીજો.

અ. ૧—સમરસીંહનો નીચ પુત્ર પુત્રી માટે પરીતાપ, સુરપાળનું આવવું, એને સમજાવવું. શાન્ત પાડવો અને પોતાની પાસે રાખવો.

અ. ૨—તારા બારોટની ગમત કુમારપાળનુ આવવુ બારોટે નાશી જવુ તારાએ રાજાને શામતપર જુલમ ગુજારી સુમન. ક્યાં ગઈ છે તે વાત કહાવવા ઉશ્કેરવો.

અ. ૩—સુમનાનો જંગલમા વિલાપ બારોટ અને વીરસીંહનો બળા-ત્કાર કરવા ધસી આવવુ સમરે આવી સુમનાને છોડા-વવી રાજા રણુમલનુ આવવુ એને પકડી લઈ જવા સુરપાળનુ આવવું વીરસીંહનો પડી ગએલો પત્ર હાથ લાગવો તારાનો ફરેબ જણાઇ જવો પોતાના સાહસ માટે સતાપ.

અ. ૪—કુમારપાળ અને સામત, પાછળથી મદન—મજરીની ગમત.

અ. ૫—રાજા રણુમલની સમક્ષ બારોટને કુંવર તરીકે હાજર કરવો, બારોટે યુક્તીથી સમરને માથે ખુન કરવાનો આ-રોપ ઢોળી પાડવો, સમરસીંહનુ પ્રસિદ્ધ થવુ રાજા નો કરનો આનદી મેળાપ, કુસુમપુર જવાનો સૌનો નિશ્ચય

અ. ૬—ચુડો મજરી અને મદનની ગમત, તારાની વીરસીંહ ને બારોટ માટે ચીંતા, વીરસીંહે આવી બારોટ પકડાયાની ખબર આપવી, તારાનો રાજાને મારી નાખવાનો નિશ્ચય, સુરપાળનુ સાધુ વેશે આવવુ, તારાનુ ફસાવુ, રાજાને મારી તેને ગાદી આપવાનો દસ્તાવેજ કરી આપવો કુ-મારપાળનુ આવવુ દારૂ પાઇ બેશુદ્ધ કરી મારવા જાય છે ત્યાં સુરપાળે આવી બચાવવું તારાએ સુરપાળ માથે આરોપ નાખી તેને પકડાવવો.

૭—કુમારપાળની કચેરી ભરાઇ ગએલા પાપના ઘડાનું ફુટી જવું દુષ્ટોને દુરદશાએ કાઢવા. આનદ આનંદ આનંદ.

ગોરી-ગૂમિ નાટકના ગાયનો.

સુત્રધાર — ૧

વિરૂપાક્ષ વાહન નદી, હે શંભુ આનંદ કદી
યાચું અહોનિશ ઇશ અભિવંદી— વિરૂ.
હે હિમુ વસતે, પ્રસન્ન વદને, ઉર સદને વસી વહાલે.
પ્રસારો પિનાકી જ્ઞાન મહાર સુગંધી— વિરૂ
ત્રીલોચન સ્મર, મદમોચન હર, સહાયે થાઓ.
. ભલ ભય હર પર ખલ દલ પ્રભુ ફંડી— વિરૂ

નટી ૨

કરશે જન કર્મો જેવા, પામે ફળ અન્તે તેવાં
બીજ બાવળનું બોઈ, ઇચ્છે અમૃત ફળ કોણ
કરો ક્યાંથી મળશે તેને
કો અટકે, શીર પટકે. ન ... કરશે
શું લઈ જશે હાથે, નક્કી તેજ આવશે સાથે
હા સ્વગ તણા શુભ પાથે
અન્તર ધર નરજગ હિતકર વચનો એવાં — કરશે.

દિગ વિજય— ૩

શૂરા સરદાર, કરો તૈયાર, તેજ તલવાર
ખનનનનન— શુરા.
દુશ્મનના દળને. બાહુ બળને, મળવા, દળવા
વચને પળવા—શુરા.
શૂરવીર શુર પાઠ ભજવજો
જનુની કુખને ન લજવજો
પ્રતિ પક્ષીને પુર પજવજો
બોલો હર હર હર હર મહાદેવ — શુરા

તારા -

રસીક રમણીની પાસ કામી પુરૂષ તો ગુલામ
વારી દીયે દમદામ, એક આનુસારે આમ— રસીક.
મૃદુ લલિત સુહાવે ભાવે, થનનનનન નાચ નચાવે
કર માંહી ચંદ્ર બતાવે.
નામ કરે સબળ કામ શ્યામ ... રમણીની.

તારા તથા આરોર— ૫

રસીયા રંગ રસીયા ઉર વસીયા મુજ વાલમા
નાજુક નયન નુર, સજુર સુખેડ સુખદ શ્યામ—ર
પ્રીતિથી પાને અધરામૃત એ પ્યારી
તેઓ જાઓને આવી અર્ધાંગી નહી રેવ સારી.
તો સલામ સગુણી મારી, કુચ સવારી
દિલબર, નવસર, સુખકર, લાગું તારે પાય
રસીલા શીદને આમ રીસાય,
રસીલી સાથ શું રીસ રખાય —

તારા તથા કુમારપાળ— ૬

પ્યારા પ્રાણનાથ
સ્વામી અજ સતીઓને સ્વગ પાથ—પ્યારા
નાથ નામ રટણ રામ [illegible] કવાથ
સમુળ બાળે, અસાધ્ય વ્યાધિ ટાળે.
આ ભવનો, પર ભવના
જેને સુખલાયક હો, ગૃહ નાયક
જન્મ ફળદાયક, સહાયક શીરછત્રી—પ્યારા

સુરપાળ— ૭

ખડગ નાગી પ્રીતી રૂપી
અડગ હરીયે જે જનગુર્જે
જબરા તરંગો નહી ડગાવે
નહી કાંકરી એક ખરાવે
નદ તાણું નિર્મળુ શાં ઝરણું
જેહતુ અભંગ પ્રમાણુ જે—ખડગ.

મુરા— ૮

આવો આવો મારી મંજરી કામણગારી
જોઉં વારી જી વાટ
મંજરી કામણગારી મને લાગે બહુ બહુ પ્યારી
ધાણીનિ[illegible]રપાળી, જાણે સાસું મારી— આવો
લઇ બચ્ચી મેળે બેસારી
કહીને [illegible] પ્યારી, લાડ લડાવીશ ભારી—આવો.

ભુવના — ૯

સરવર જલથી જો ઝલકાય
છલક છલક છલકાય
પ્રફુલ કમળ મહીં મહેકે, શા લલિત લહરથી લહેકે
રસ ભીના ભ્રમર વિના,
અંદર મકરંદ સુકાય— સરવર.

કુરપાળ— ૧૦

ભ્રમર ભમતો ભમતો દીલ-દુઃખ ખમતો—ભ્રમર.
પદ્મના પરાગ માટ, વલખતો વન વાટવાટ
ઘડીએ ઉચાટ
રૂદ રાત દુઃખ દાન— ભ્રમર

૧૧

આવો આવો મનહર લાડક વ્હાલા હંસરાજ
વાહ વાહ મનહરણી, એ પ્રેમી તરૂણી— હંસરાજ
પુરી ભક્તિ લાગી હું તો પ્રીતે તન પિંજર માહીં
પુર મને પુર હું તો પુનઃ પ્રાણ જીવન પુર— હંસરાજ
પાંખે માનસના મીઠા વારી, પ્રેમ પ્રસારી
પંખી રાજન પા મન પા
સવા મેવા ભક્તિ તાજન— હંસરાજ આવો

૧૨

જય જ્હાંશમાં ડંકા કીર્તિગાન કીર્તિગાથા
કીર્તિની વાજે ગાજે
વિજય વિજય થાજે— જય.
કીર્તિ કિર્ણ વિસ્તીર્ણ વિશ્વમાં
પ્રભુનો ભૂપતિ— જય

૧૩

મન માન્યા મોહનજી મળીયા
એનીબાના મનોરથ ફળીયારે
વર વરમાળે સાંકળીયારે— મન
એજ બનાવ લટકાળાની સંગે
અલબેલો રમાડીને રંગે
રમણને રીઝવજે, કદી ન ખીજવજે
સુખીયાં સદાય થાજે માંગી [illegible] શ્રી

અંક બીજો

૧૪

એ ... સુણજો હે . મખીઓ એ.....રાજ્યનીતિ-
નિપુણ-મંત્રી-ધર્મ-તંત્રી—એ ..સુણજો.
પૃથ્વી પતિ પ્રસન્ન કરવાના મંત્રને
પ્રજા રીઝવવાના જંત્રને
કામ ધેનુ ધરા દુઝે રસ નૃપતિને તવ આપતી
પ્રજા રૂપી જવ વાસનું પાલણ કરે ધરી મન રતી,
એ રાજ્ય હિત ખચિત ચૈતન પ્રીત હિત આશીષ મહીં
યુક્તિ પ્રયુક્તિથી પ્રજાની પીડને પારખી લઇ
નિવારવા નિત ચીંએ કરતા મહા પ્રયાસ
રહેતી પ્રજાને ખાસ—એ...સુણજો.
અન્યાયીને અધ પાડવા વળી ન્યાયી ઉચ ચઢાવવા
કરવા નીતિતણી તર કરી કર કસર ખર્ચ ઘટાડવા
આપત્તિ કાળ દુકાળમાં સંભાળથી જે મધ્યમ
સુખ આપીને દુઃખ કાપીને ગાળે જીવન શાન્તિ ભર્યું
અપવા અપ્રાણ ભૂપ [illegible] [illegible] કાજ
છિદ્રને છુપાવી છતી કરતી રાજ લાજ
ધન્ય એ સુમંત્રી સાજ, ધન્ય એ સચિવ આજ—એ

સુમના તથા સુરપાળ— ૧૫

જાઓજી જાઓ શું આમ લજાઓ
શિદને ઓ શાણા શરમાઓ— જાઓજી.
પુછેલ પ્રશ્ન કાં હવે છુપાવો
નાના બોલાવો, બોલો મારા સમ
પ્રભુ લીલા, એ રસીલા, વાહ લીલા
(આસ્તે કહન)— જાઓજી.

બારોટ— ૧૬

બોલીશ હું હૈ. જન્તે શિકાર, પ્યાર— બોલીશ.
સઘળી શાખ પટરાણી [illegible] ભાવે

પીશ પાઈશ પ્રેમે મીઠો અધર રસ રંગે રસ બસ
થઈ હાં—બેલીશ.
આશ બધી અધવચે રે ગોરી ગઈ હારે
પ્યાસ બુઝાવું બસ હું તો જઈ ક્યારે હારે
ક્યાં હશે પ્યારી મારી દેદાર દિલદાર— બેલીશ.

સુમના— **૧૭**

ચતુર ચકોરી, ગુણીયલ ગોરી, હરખે હોરી, ખેલતી
શશિ સંગેરે—જોને સાહેલી
ગગન વિહારી, પર બ્રહ્મ વારી, પ્રેમ પ્રસારી, રેલતી
— રંગેરે—જોને સાહેલી— ચતુર

સાખી.

પાણુથી ચંદ્ર પણ પ્રીતથી શીતલકર સુખકાર
થરથર તો જે ફેંકતો, તડપી તન મોઝાર
આ વિલાસેરે, આ વિલાસેરે, ચરણનું શું કામ
વિઘ્ન વિધિગે ખરેખર ભૂલ માર્યારે - સ
શશિપર ફરતી, આવે વાદળી ત્યારતો
નયન નીર ભરતી, ચકોરી ઝૂરી મરતી
જોનને સાહેલી - ચતુર

સુરપાળ— **૧૮**

થઈ મનમાં શાન્તી શાન્તી— થઈ
જોતા શશિ મુખ કાન્તી— શાન્તી થઈ

સાખી.

ઘરણી ઘરનો સ્થભ છે, ઘરણી ઘરનુ માન,
ઘરણી ઘરનું ઘરેણું છે, વિણ ઘરણી ઘર સ્મશાન—થઈ.

સુમના તથા સુરપાળ— **૧૯**

ચાંદની બહાર ચાલો ખેલવા શિકાર
તન વને મન ગુલાબને સુતો સિંહ શયને —ચાંદની
સાવધ કર્યા સિવાય સુતેલને ક્ષત્રિયન સંહારે
જાણો છો પ્રમત્ત ભારે
ચિન્તા કશી નહી તમારે
તો જગાડો પિયુજી ઇસારે
લલિતા હશે ત્યારે—ચાંદની.

२०

પ્રીય પ્રાણના આધાર
પ્રિતે હોમું હું વાય
શીત ચંદનના લેપથી બુઝાવું હું લહા
રીઝવી રંગેથી રમીયે હો રાય
અલબેલી હું તુથી પુરી સુખી
ભાગી પદભાગી રીઝાવો રીઝાવોરે

સુરપાળ— २१

કષ્ટ હરણ હે માષ્ટ કરણ તુ હરહર ભોળા
તારે શરણુ છુ મંગળકારી હે ત્રિપરારી
ભય જાય તારી, બીક હર મારી—

મંજરી— २२

હુ તો છુ જોબનના મદમાતી પરણ્યો છે નાનુ બાળ
અધરાતે ઉઠી રડવા માંડે, કેવો છોકરવાદી નઠોર
સમજે નહી મનારની ગીતા, પ્રીતી કહો કેમ ઉપજે— હું તો

નારા તથા ભારોટ — २३

છબીલ લાલ કેલા ઓ છાકમા છકેલા
કહો શુ આમ ઘેલા— છબીલ.
મોલા મધુર મુખ મલકે નયણોની ઝનકે,
મુકો મકો મોહનજી મરડાશે
મારી કોમળ કળાઈ ખડી જાશે
આવ પાસે, મદ લાગે, ઉલ્લાસે—છાકમા.

સુમના— २४

મારા લાડકવાયા લાલ, ડાહ્યા ડમરા બાળ
ઓહોહોહો શા હસતો ગાલ —વાહ—મારા
હસતી દંત કળી કદી વાળુ નીમીત્ત ઘડી ઘડી
બોલી મધુરી તોતડી, કાલી કાલી ગડબડી
આવા બાળથી તે
માત તાત ઘેલા ઘેલાં
ધન્ય માનો પ. સ્વર્ગ વસેલાં

સુમના— ૨૫

એ વિલાસી આતશને ઉદાસી હારી
ઓલવશે આમ
ઘર તો ઘરાણું–આવો ફુલડે વધાવું
પ્રેમેથી પાન બીડી ચવરાવું
પ્રેમ જળે નવરાવું
આલો મ્હાલો
સફેદ સુમન, શયન સદન, શ્યામ—એ વિલા.

સુમના ૨૬

અલબેલા રસઘેલા હૃદયે રમી રહેલા
હૃદયે રમી રહેલા, છોડી ન જાઓ છેલા—અલબેલા
નહી જીવે પ્રેમી પતંગ બળી જશે
પીયુ પ્રિતી દીવે, શણગાર શા આ કામના
હટ દૂર વેણી વેરીણી
કુસમો કરો અગાર મમ
અતી વેદના તનમા તીણી — અલબેલા

૨૭

વાહ વાહ વાહરે રસીલી નાર
આવી પામે ઘરને પ્યાર
વાહ રસીક યાર—વાહ !
સોંપીદે દિલડું આ માગે દિલદાર
નહી જાઓ ભરમાવો ન ભોળી આ નાર
મધુરસ પાઓ, દો મૂકી હવે લાજ પ્રિયા
નહી અડકો, શિદ બડકો, છોડો છડકો
પ્યારી જાન—વાહ !

૨૮

અહો કેવી શોભાભરી સુંદરી
ઘડી નાખસે એ દીલથી પરી
સુગંધી સુમનની પ્રસરી તને
અફરી થઈ પ્યારી તારા મને
રૂડો રાજનો વૈભવ આજ ખારો

રસીલી વિના એળે જન્મ મારો
નહીં જો ભેંટુ એ મધુરી પ્રિયાને
તો જીંદગી આ જગમાંહી શાને

સુમના— ૨૯

નિર્દોષી નાર તજીશું નીર્દય થઈ નાથ એ
ધરતી અહીં ઉપર આભ, કોણુ સહાયે મુજ હાથ એ
ભાસે ભુવન ભયકારી, ત્રાસે મતી ગઈ હારી
દુષ્ટો સતાવે ભારી, અબળા હું નાર બીચારી
દાઝ્યા પર ડામ દેભારી
સહાય થાઓ શ્રી હરી, દયા કરી, પતી ફરી—નિર્દોષી.

સુરપાળ— ૩૦

જુઠી દીઠી પ્રીત નારીની જગમા
ઘડી હસતી, રમતી ઘડીમાંએ— જુઠી.
વિધ વિધ નિત્ય ચરિત્ર કરેરે
રમે છુપી પરથી જારી જગતમા— જુઠી

૩૧

નીચ જનોના નીચતા છોડે
ખલ જન ખલતામાં પ્રિત જોડે—નીચ.
કુકર્મ બહુ તેહ કરતા
પાપ ભર શિર ઉપર ભરતા
પ્રભુથી નવ લેશ ડરતા—
અન્ત બુરે હાલ મરતા— નીચ.

તારા તથા બારોટ— ૩૨

વારી જાઉં તારા પ્યારભર મીઠડી મધુરી તારા વાહ પ્યારા
નેનો નચાવી ન માર અણુસારા—વાહ—વારી.
રંગે રમાડું આજે રસીક વર

વરસાવું જ્વાલની ધારા
હાં ચાલોને એચિથી ચાંપીને ચુમીને ખેલીએ
હૈયાના હાર—વારી.

૩૩

જાઓ જલ્દી જાઓ કોઈ કહો જઈ સંદેશ
મારા શ્યામને મારા કામને
હૃદય આરામને—જાઓ.
વિરહની વાત કહો કોઈ જઈ વાલમને
મુઝાઉં છું હું અતી, અહીંથી લઈ જાઓ મને
—મારા શ્યામ—

સુમના—

૩૪

શું આવ્યા પ્યાગ, સુખ કરનારા. મેરા સુંદર મંબાળ
વહાલે વધાવી લઉ વહાલાને— આવ્યા.
ગોરી [illegible] શામ આપ ગયા સ્વી [illegible]
વહાલી કહેતા ને વાર દીન દાસી તુરત આવી
છે પ્રેમ વીણ સગાંજ સર રવિ વીણ દીન ચીન્હ
તેવી છુ તમ વીના જ્યમ વારી વીના મીન દીન
તરસીને શીદને તરસાવો, નહી તલપાવો
બહુ નહી તાવો, પ્રાણ જશે મમ પ્રાણ—વહાલે.

સામંત—

૩૫

ધરના અનીતિ પ્રીતી
ફસી પાપી જાગે રાજા, નેત્ર તું ઉઘાડી જોને—ધરના
મીઠું કહેનારા ઘણા, અંતર મોટી ઘાત
કરતા એ નીચે કહી, મુરખ જનની બાત
ભુપતિ ના ભૂલો ના
સુકો ન માઝે માઝા, વેરી ક્યો

પીવા દેને પ્રીતિથી આ વ્હાલી વધુ
તારા મધુર અધરોષ્ટનું મીઠું મધુ— પીવા.
અણુ ભોગવ્યું અમુલ નવલ આ મધુ
ભ્રમર ભોગી આતુર વાર શિદ કરે વધુ
ચતુરા ચુસીશ હું ધીરે ગભરા નહુ
નાજી નાજી હાજી હાજી જાણું છું બધું— પીવા

૩૭

આજે સ્થળ સ્થળ, બાવા ખલખલ, ઠગઆગઠગ
ધુતે બાકુંજન, પાપી તનમન, પાપ કરમ કર
અરરરરર !— આજે.
મુંડ મુડાવી, જટા રખાવી, ગમડી કર ઝાલી
પહેર્યાં ભગવા અંગે, પણ ત્યાગી તો સંગે
રમતા નિત રંગે આ નિત ત્યાગી — આજે.

૩૮

સુંદર છોડ ગુલાબના છુદી માર્યો ઝચોક
આશા હવે શી સુવાસની
રડું મુકી હું પોક
ઉઘડી ન આખ મારી
રોઈ ઝંખુ પ્યારી પ્યારી—સુંદર.

૩૯

જાઉ વારી બલીહારી તારા રૂપપર
વાહ તમારૂં જોબન
આવો રસ ભોગી, જોગી બેઠી લ્યો ભાવથી
... હે, રસીલી નારી હાવભી
—સમાપ્ત.

૪૦

આવોને રમણી રમીયે જમીયે રસ રેલી આ સમે—આવો.
છબીલા છેલા હાં આવો
ગાજ્યો મદ ઘેલી આજ્યો
રસ ચાજી રંગ ઉડાવો
હાં હાં અલબેલીજી ચાલો રંગીલુ
મુખડું મીઠડું જોવા મન બહુ ગમે—આવોને.

૨

શ્રી દુર્ગા ભજજો નીતી ન તજજો
સદ્દગુણ સજજો ભાવધરી
સુમતિ દઇને કુમતિ લઇને
મંગળ કરજો મ્હેર કરી.



અમારા દ્રોપદી દાસત્વના નાટકની ચોપડીઓ એ આને મળે છે અને વિશ્વામીત્ર નાટકની ચોપડી હવે પછી બહાર પડશે.